R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 5 August - 2011

## " અફસોસ "

ક્યારેક માણસો વગર વિચાર્યે કામ કરતા હોય અને તે કામ બરાબર ન થાય તો જીંદગીભર અફસોસ કરવો પડે છે.

આવીજ એક વગર વિચારે કરેલ કાર્યની એક વેપારી ભાઈની છે. તેઓ એક નાનકડો ધંધો કરતા હતા. પોતાનો નાનકડો ધંધો બંધ કરી મોટો ધંધો કરવાના વિચારથી તેમણે નાનકડો ધંધો બંધ કર્યો અને મોટો ધંધો કરવા બેંકની લાખો રૂપીયાની લોન લીધી અને મોટો ધંધો શરૂ કર્યો. ધંધો સારો ચાલતાં ફેકટરી કરી. માલ નિકાસ કરવા માંડયા. ખૂબજ ઉત્સાહીત થયા, ખૂબ પૈસા કમાયા અને પોતે કરેલ ધંધાથી ખુશ હતા અને પોતે ઉઠાવેલ જોખમ સાચું હતું તેમ માનવા લાગ્યા.

અચાનક વૈશ્વિક મંદીના કારણે તેમના કામને ફટકો પડયો. વિદેશથી મળેલા ઓર્ડરો કેન્સલ થયા. બેંકનુ દેવું વધવા લાગ્યું. ધંધાના ખર્ચ-ઘરના ખર્ચ-કાઢવા ઉપાધી થવા લાગી અને મોટો ધંધો બંધ કરવો પડયો.

હવે તે ભાઈ અફસોસ કરે છે કે નાનકડો ધંધો સારો હતો. જીવને શાંતી હતી. કોઈપણ જોખમ લેતા પહેલાં વિચાર કરો. જેથી અફસોસ કરવાનો સમય ન આવે.

ખૂબજ વિચાર કરીને કોઈ કાર્ય કરવા માટે નિર્ણય લેવો જરૂરી છે.

2nd Cover Page

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# MANAGING COMMITTEE 2011-2012

| S.N. | NAME | TITLE | RESIDENCE | OFFICE | CELL |
|---|---|---|---|---|---|
| 1 | Shri Kalpesh Suresh Dharia | president | 24384854 | 22081011 | 9820183907 |
| 2 | Shri Saumil Jitendra Mody | Vice-President | 23808136 | 23400502 | 9920213426 |
| 3 | Shri Bhavesh Bipin Modi | Secretary | 8879422304 | 22060009 | 9869080287 |
| 4 | Shri Jasmine Bipin Sheth | Jt. Secretary | 66333085 | 66378381 | 9820830060 |
| 5 | Shri Nilesh Navnitlal Shah | Jt. Secretary | 28926491 | 22088965 | 9833840801 |
| 6 | Shri Nikesh Jayendra Gandhi | Treasurer | 32976469 | 22060294 | 9820496534 |
| 7 | Shri Rajendra Kirtanlal Desai | Trustee | 23800762 | 66370721 | 9820080194 |
| 8 | Shri Yogesh Ramniklal Dharia | Trustee | 23885131 | 22065992 | 9821544950 |
| 9 | ShriDaxesh Babulal Kadakia | Trustee | 23868430 | 23439958 | 9833176158 |
| 10 | Shri Vrajesh Navnitlal Desai | Trustee | 23840527 | 66337259 | 9820039304 |
| 11 | Shri Shailesh Natverlal Kadakia | Member | 23806964 | 22069988 | 9819276970 |
| 12 | Shri Jitendra Pravinchandra Parekh | Member | 23868179 | 22051994 | 9869002440 |
| 13 | Shri Kirti Hiralal Kadakia | Member | 23857689 | 22053476 | 9821029270 |
| 14 | Shri Sanjay Jayantilal Shah | Member | 23512472 | 23751837 | 9820341370 |
| 15 | Shri Samir Jayendra Gandhi | Member | 32976469 | 22060294 | 9821234306 |
| 16 | Shri Raju Mangaldas Parikh | Member | 23888280 | 22615161 | 9223409653 |
| 17 | Shri Sameer Pravinchandra Dharia | Member | 23875380 | 23445251 | 9870716852 |
| 18 | Shri Hemendra Ramnallal Shah | Member | 28050735 | 23447382 | 9820011586 |
| 19 | Shri Bharat Kantilal Parikh | Member | 28703142 | | 9869126018 |
| 20 | Shri Ajay Pravinchandra Doshi | Member | 26203174 | 23864479 | 9819342856 |
| 21 | Shri Gopal Ramanlal Kadakia | Member | 28071406 | 22089138 | 9819507452 |
| 22 | Shri Nimesh Babulal Gandhi | Member | 28076188 | 28076188 | 9821164731 |
| 23 | Shri Ajit Natverlal Mody | Member | 28691185 | 22025166 | 9869029486 |
| 24 | Shri Dixit Kirtanlal Parikh | Member | 28100112 | 22074489 | 9869003359 |
| 25 | Shri Sunil Navinchandra Mody | Member | 28615703 | 66332101 | 9820120649 |
| 26 | Shri Chirag Chandrakant Parikh | Member | 23648483 | 23444157 | 9821574856 |
| 27 | Shri Deepak Navnitlal Shah | Co-Opted | 23864169 | 22079442 | 9820579155 |
| 28 | Shri Chandresh Pravinchandra Kadakia | C0-Opted | 23886211 | 22018326 | 9322301024 |
| 29 | Shri Daxesh Somalal Parikh | Co-Opted | 28078364 | 22909866 | 9820341430 |
| 30 | Smt. Kunjbala Hemendra Shah | Mahila Vibhag | 28050735 | | 9869754916 |
| 31 | Shri Nikhil Babulal Parikh | Editor | 23822510 | 0250243132 | 9821326432 |

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૫ | ૫ | ૧૬-૦૮-૨૦૧૧ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેઅર માર્ટ**

૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨ જે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૩

ટે.(ઓ.) : ૨૩૪૨૬૩૧૬ / ૨૨૦૬૦૦૦૯

(મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# કાલના સપનાં જોતાં જોતાં સાલ વીતી ગયા

**તંત્રી સ્થાનેથી**

હમણાં ૫૦માં વર્ષમાં પ્રવેશ કર્યો. હવે વનપ્રવેશ થશે. જીવનના વીતેલા વર્ષોનો વિચાર કરવા બેઠો તો લાગ્યું કે કાલનાં સપનાંઓ જોતા સુઈ ગયો, જાગીને જોયું તો સાલ વીતી ગયા. આજે વાત મારા જીવનની કરું છું. પણ જીવનના વિવિધ તબક્કે દરેક વાંચકને સરખી જ લાગુ પડતી હશે. કદાચ મારી, તમારી, આપણી વાતો છે. યાદ છે ત્યાંથી શરૂ કરું છું. (ગદ્ય અને પદ્યમાં લખવાનો પ્રથમ પ્રયાસ છે)

બચપણમાં મમ્મી પપ્પા પાસેથી વાર્તાઓ સાંભળવી મને ખુબ ગમતી. પપ્પા રોજ સવારે વીસ મીનીટ રામાયણ, મહાભારત વાંચી સંભળાવે. મમ્મી રોજ જુદી જુદી વાર્તાઓ કરે. ભાઈ સાથે તકીયા યુધ્ધ થતું અને પછી પનીશમેન્ટ પણ થતી.

**મમ્મી પપ્પા ના લાડમાં, ભાઈ સાથેની મસ્તીમાં**
**વાર્તાઓના પાત્રોની કલ્પનાઓમાં રાચતો,**
**કાલની વાર્તાના સપના જોતાં સુઈ ગયો**
**જાગીને જોયું તો સાલ વીતી ગયાં.**

જાતે વાંચતાં થયા અને રમતો રમતાં થયાં 'લેગો'અને 'મીકેનો' સાથે હસતાં રમતાં કલ્પનાઓના બિલ્ડીંગો અને વાહનો બનાવતાં. ચાલીમાં બાળપણ વીત્યું, સહજીવન જીવતાં હું ત્યાંથી શીખ્યો. દરેકે દરેક રમતો ચાલીમાં રમાતી અને દરેક ઉત્સવો અને સારા માઠાં પ્રસંગો સાથે મળીને મનાવતાં. ત્યારે બીજા બિલ્ડીંગની, બીજી ગલીની ટીમ સાથે મેચો યોજાતી.

**'લેગો' અને 'મીકેનો' ને વિવિધ આકાર**
**ચાલીના મિત્રો, પાડોશીઓ, ઉત્સવો, રમતો**
**કાલની મેચમાં જીતના સપનાઓ જોતાં સુઈ ગયો**
**જાગીને જોયું તો સાલ વીતી ગયા.**

શાળા જીવન આજે સુખદ લાગે છે, પણ ત્યારે

રોજ યુનિફોર્મ પહેરવાનો, ટાઈમસર સ્કુલે જવાનું, હોમવર્ક કરવાનું, પરિક્ષા, અંગુઠા પકડવાની પનીશમેન્ટને બધું બંધન લાગતું, વેકેશનની રાહ જોવાતી. હું કોએડ સ્કુલમાં હતો. એ દિવસોમાં વેલેન્ટાઈન ડે ન હતાં. રક્ષાબંધને ટીચર નામ પાડે એ છોકરીની પાસે રાખડી બંધાવવી પડતી. ક્યારેક ખુબ દુઃખ થતું. આજના છોકરા છોકરીઓ નસીબદાર છે, ફ્રેન્ડશીપ બેન્ડ કોઈને પણ બાંધી શકે છે.

**સ્કુલ, હોમવર્ક, પરિક્ષા, વેકેશન, રીઝલ્ટ,**
**યુનિફોર્મ, ડીસીપ્લીન, પનીશમેન્ટ, બંધનો**
**કાલના કોલેજના સપનાઓ જોતાં સુઈ ગયો**
**જાગીને જોયું તો સાલ વીતી ગયા.**

હવે આવ્યો કોલેજકાળ, નવી ફેશનના કપડાં પહેરીને કોલેજ જવાનું, કલાસ બંક કરીને પીકચર જોવા કે હોટલોમાં જવાનું ગમતું. જાણે વર્ષોની ગુલામી ફગાવી આઝાદ બન્યા હતાં. છોકરીઓ પણ યુનિફોર્મ છોડીને ફેશનેબલ અને આકર્ષક બની ગઈ હતી. યુવાન વયમાં થાય એમ એકાદ છોકરી તરફ આકર્ષણ થતું. લાગતું 'કહીન કહીં મેરે લીયે કોઈ બનાયા ગયા હૈ' આ એજ છોકરી છે એની મુલાકાત માટે આતુરતા રહેતી, મિત્રો ચિડવતાં પણ સારું લાગતું.

**કોલેજ, છોકરીઓ, ફેશન, મિત્રો, કલાસબંક**
**પીકનીક, કેન્ટીન, પિકચર, એક તરફી આકર્ષણ**
**કાલની મુલાકાતના સપનાઓ જોતાં સુઈ ગયો**
**જાગીને જોયું તો સાલ વીતી ગયાં.**

બારમાના બોર્ડની પરીક્ષા પતી ને કોલેજ છુટી, એન્જીનીયરીંગમાં પ્રવેશ કર્યો. મુંબઈ યુનિવર્સીટીનું ભવન્સ કેમ્પસ, લેકચરો, પ્રેકટીકલ્સ, વર્કશોપ અને પ્રોજેક્ટો બનાવવામાં વર્ષો વીતી ગયાં અને કેમ્પસ ઈન્ટરવ્યુંમાં જોબ મળી ગયો.

**બોર્ડની પરીક્ષા, એડમીશન, એન્જીનીયરીંગ**
**પ્રોફેસર, પ્રોજેકટ, વર્કશોપ, કેમ્પસ ઈન્ટરવ્યુ**
**કાલની નવી જોબના સપનાઓ જોતાં સુઈ ગયો**
**જાગીને જોયું તો સાલ વીતી ગયા.**

હવે નોકરી હતી એટલે ઘરવાળાએ છોકરીની તલાશ શરૂ કરી, એન્ગેજમેન્ટ થયા અને લગ્ન પહેલાં એક વર્ષ ઓફિશીયલ પ્રણયની છુટ મળી. લોકોની હાજરીમાં ફેરા ફરાયા અને લગ્ન જીવનમાં અમે ગોઠવાઈ ગયા.

**જીવન સાથીની તલાશ, ઈન્ટરવ્યુ, એન્ગેજમેન્ટ**
**પ્રણયના દિવસો, કંકોતરી, પીઠીને મહેંદી**
**કાલની પ્રથમ રાત્રીના સપનાઓ જોતાં સુઈ ગયો**
**જાગીને જોયું તો સાલ વીતી ગયા.**

નોકરી છોડીને ધંધાનું સાહસ કર્યુ. મને યાદ છે પહેલો ઓર્ડર આવ્યો ત્યારે જે ખુશી થઈ હતી એ આજે લાખો કરોડોના ઓર્ડર મળતાં નથી એજ અરસામાં જ્યોતિપુંજના તંત્રી તરીકેની નિમણુંક મળી, દર મહિને તંત્રી લેખ લખવાનો નિર્ધાર કર્યો. ઉપરથી અને સમાજમાંથી પ્રેરણા મળતી રહી, લખાતું રહયું. લોકોનો પ્રેમ મળતો રહ્યો. શશીકાન્તભાઈ કડકીઆનો લેટર મળ્યો ત્યારે જાણે ઓસ્કાર જીત્યો હોય એટલી ખુશી થયેલી.

**ધંધાનું સાહસ. પ્રથમ ઓર્ડર, પહેલું રીર્ટન**
**જ્યોતિપુંજ, પ્રથમ તંત્રીલેખ પહેલો પ્રતિસાદ**
**કાલના તંત્રીલેખના સપનાઓ જોતાં સુઈ ગયો**
**જાગીને જોયું તો સાલ વીતી ગયા.**

પછી આવ્યો મા-બાપ થવાનો અવસર. ગર્ભ સંસ્કારના પ્રયત્નો કરેલા, માની કોખમાં જ બાળક શિખતું હોય છે એટલે સુંદર વાતાવરણ, સારું વાંચન અને સારી વાતો દ્વારા સંસ્કાર સિંચન કરવા પ્રયત્નો કરેલાં ગર્ભ પરિક્ષણ નહોતું કરાવ્યું. આશા દીકરીની રાખેલી પણ પુત્ર જન્મનો આનંદ પણ વર્ણવી ન શકાય એવો હતો. અમારો અંશ હતો, અમારા દ્વારા પૃથ્વી ઉપર આવ્યો હતો.

**ગુડ ન્યુઝ, દીકરો કે દીકરીની અટકળ**
**ગર્ભ સંસ્કાર, લેબર રૂમ, પ્રથમ રૂદન,**
**મીઠું હાસ્ય,મૃદુ સ્પર્શ, અમારો અંશ,**
**કાલે 'પાપા' શબ્દ સાંભળવાના સપના જોતાં સુઈ ગયો**
**જાગીને જોયું તો સાલ વીતી ગયા.**

પછી આવ્યો બાળકોનો શાળાનો સમય. બાળમંદિરનું નર્સરી અને પ્લે સ્કુલમાં પરિવર્તન થયું હતું. રમત-ગમતની જગ્યા મેદાન ને બદલે કોમ્પ્યુટર બન્યા હતાં. રીઝલ્ટ વખતે મા-બાપને સ્કુલમાં બોલાવવામાં આવતાં. જેને ઓપન ડે કહેવાતો. ૮ મી સુધી જાતે ભણાવ્યા, પલાંખા પાકાં કરાવ્યા. પછી ટયુશન વગર છુટકો નહોતો.

**પ્લે સ્કુલ, નર્સરી, સ્કુલનું એડમીશન**
**ટયુશન કલાસીસ, કોમ્પ્યુટર, વિડીયો ગેમ્સ,**
**કાલના ઓપન ડે ના સપના જોતાં સુઈ ગયો**
**જાગીને જોયું તો સાલ વીતી ગયાં.**

બારમાંનું અને સી.ઈ.ટી.નું રીઝલ્ટ આવ્યું. એકે મેડીકલમાં મુંબઈમાં એડમીશન લીધું. બીજો એન્જીનીયરીંગ કરવા વિદેશ ગયો. હવે ઈમેઈલ અને સ્કાઈપ દ્વારા જ સંપર્ક રહેશે.

**સીઈટી નું રીઝલ્ટ, રેન્ક, ઓનલાઈન એડમીશન,**
**મેડીકલ, એન્જીનીયરીંગ, વિદેશ ગમન,**
**કાલના ફોન, ઈમેલના સપના જોતાં સુઈ ગયો**
**જાગીને જોયું તો સાલ વીતી ગયાં.**

આમ હવે હું જીંદગીના ૫૦માં વર્ષે ઉભો છું. આ પચાસ વર્ષ પલકવારમાં વીતી ગયા એવું લાગે છે હવે કદાચ સમય આટલો ઝડપથી પસાર ન પણ થાય સમયનું ચક્ર ધીરું પડશે. વિચારવા જ બેઠો છું તો ભવિષ્ય પણ વિચારી લઉં એમ થાય છે, જોકે આપણા હાથની વાત ક્યાં છે? છતાં પ્રયત્ન કરવાનું મન થાય છે. બાળકો પોત પોતાની રીતે આગળ વધશે. પોતાના ઘર વસાવશે.

**કોનવોકેશન, હાયર એજ્યુકેશન, જોબ, જાત કમાઈ,**
**ગર્લફ્રેન્ડ, કાર, ડાઉન પેમેન્ટ, હાઉસ**
**કાલના દીકરાના ગૃહપ્રવેશના સપનાં જોતાં સુઈ જઈશ**
**જાગીને જોઈશ તો સાલ વીતી જશે.**

હું અને પત્ની આમ જ જીવતાં રહેશું. આનંદ મેળવાનો પ્રયત્ન કરતાં રહીશું. એકબીજાની એકલતા દુર કરવા પ્રયત્ન કરીશું.

**સોશીયલ ગ્રુપો, ડીનર, કોફી અને મિત્રો**
**પ્રવાસ, યાત્રાઓ, સાંસ્કૃતિક મંડળ, મિટીંગો,**
**કાલના ફંકશનના સપના જોતાં સુઈ જઈશ**
**જાગીને જોઈશ તો સાલ વીતી જશે.**

દીકરાઓના લગ્ન થશે. એમને ઘરે પણ ઘોડીયા બંધાશે. 'દાદા' બનવાના પ્રસંગો 'પાપા' બનવા કરતાં વધુ આનંદમય હશે.

**દીકરા, દીકરીના લગ્નો, વેવાઈ અને નવા સંબંધો**
**વહુ અને જમાઈ, પૌત્રો - પૌત્રીઓ, મુડીનું વ્યાજ**
**કાલના 'દાદા' થવાના સપનાઓ જોતાં સુઈ જઈશ**
**જાગીને જોઈશ તો સાલ વીતી જશે.**

પછી જીવનનો એવો દૌર આવશે જ્યારે ઉંઘ ઓછી થઈ જશે, સપના ખુટતાં જશે. સપનાઓ કદાચ આવતી કાલને બદલે ગઈ કાલના આવવાં લાગશે. ઉંઘ્યા પછી જાગવાનું ન પણ થાય અને થાય તો પણ સમય થંભી જશે, કાલ સાલ બનીને પલકવારમાં તો નહી જ વીતી જાય.

**રીટાયરમેન્ટ, પ્રોવીડન્ટ ફંડ, છોડી જતાં મિત્રો, વડીલો,**
**ડૉક્ટરો, દવાઓ, હોસ્પિટલો, યાદો, ફોટાઓ**
**હવે સપનાઓ હું શું જોઈશ? ઉંઘ આવશે, તો ઉંઘી જઈશ!**
**જાગીશ ખરો ? ? કેટલાં સાલ આમ જ વીતી જશે ? ?**

જાગીશ તો ખરો જ અહીં નહી તો બીજે ક્યાંક, કારણ કે મૃત્યુ મારી નવી સવારને રોકવા નહી પણ નવા મુકામ ઉપરથી સમયની શરૂઆત કરાવવા આવશે. નવું જીવન અને નવા સાલ ફરીથી ગણવાનો મોકો આપવા આવશે.

**નવા જીવનના સપના જોતો,**
**મૃત્યુના ખોળે સુઈ જઈશ,**
**નવદેહે, નવ કોખે જાગીને જોઈશ,**
**સાલ ફરીથી શરૂ થશે.**

**- નિખિલ પરીખ**

# સીડી

ઘરની સીલીંગ પર જાળા બાઝે તો તે સાફ કરવા સીડીની જરુરત પડે યા બાંબુવાળું ઝાડું લેવું પડે. હૃદયની છત પર જાળાં બાઝે તો ? તેમાં શું મોટી વાત છે. શ્રદ્ધાની સીડી લેવી જ પડે. આ સીડીને પગથીયા હોય છે. સ્ટેપ્સ એક પછી એક ચડવા પડે છે. એક સંત ગુરૂએ ફક્ત બે જ પગથીયાં બતાવ્યા છે અને આ બે પગથીયા ચડો એટલે તમને ઠાકોરજી સન્મુખ દેખાય.

**'રામ**

**ચરિત**

**માનસ'**

સંત ગુરૂને એક ભાઈએ સવાલ પૂછ્યો કે આ 'રામ ચરિત માનસ' આમ લાઈનમાં લખવાને બદલે ઉતાર ચઢાવની સીડી જેમ કેમ લખ્યું છે ? સંત ગુરૂએ જવાબ આપ્યો કે નીચેથી ઉપર તરફ જવાના સ્ટેપ્સ ચઢવાના છે અને ફક્ત બે જ સ્ટેપ્સ, પગથીયાં છે. પહેલું પગથીયું 'માનસ' અને બીજું પગથીયું છે 'ચરિત' એટલે ચારિત્ર અને આ બે જ પગથીયા, ફક્ત બે જ પગથીયા અને 'રામ' એટલે પ્રભુજી આપણને સન્મુખ દેખાશે, અને આ બે પગથીયાં એટલે નિર્મળતા અને શ્રદ્ધા-વિશ્વાસ. જો બે જ પગથીયાં ચડવાથી પ્રભુજી મળે તો સૌ કોઈ પ્રભુજીને મળવાની ચાહ રાખશે. જેટલું બોલવાનું સરળ છે એટલું પ્રભુની સન્મુખ આવવાનું સરળ નથી. આ માટે વિચારણા જરુરી છે. મહાસાગર, ખારો ઉસ... મીઠાના આગારમાં સાગરનું પાણી ભરો, સૂરજની સાખે તપે, અને પાણી સુકાય ત્યારે મીઠું તૈયાર થાય. આજ રીતે ખારા ઉસ મહાસાગરનું પાણી, સૂરજની સાખે તપે તેની વરાળ થાય, બાષ્પીભવન થાય અને ઉંચે આકાશે વરાળ બનીને જાય અને વાદળ બંધાય, આ વાદળોને ઠંડી હવા લાગતાં વરસાદ રૂપે વરસે અને નદી સરોવર છલકાય, અને હર જીવંત સૃષ્ટિને પાણી મળતાં નવપલ્લવિત થાય. પાણીથી હર કોઈ જીવ જીવંત રહી શકે છે. આમ પ્રોસેસ લાંબુ થાય છે.

પ્રભુને મેળવવાના બે સ્ટેપ્સ છે. પરંતુ જ્યાં નિર્મળતા, વિશ્વાસ, શ્રદ્ધા છે એના સહારે જ આ સ્ટેપ્સ ચડી શકાય અને પ્રભુજીને સન્મુખ પામી શકાય. આ સ્ટેપ્સ એટલે ભક્તિના પગથીયા.

ભક્તિનો માપદંડ ન હોય, કોણે કેટલી માળા ફેરવી, કોણે કેટલા કલાક સેવા કરી, કેટલા કલાક સત્સંગ સાંભળ્યો કોણ કેટલીવાર મંદિરે ગયું ? કોણે કેટલું દાન કર્યુ ? આ સવાલના જવાબમાં બ્લાઈન્ડ સ્કુલ, ઘરડાં ઘર, અનાથાશ્રમ અને મ્યુનિસીપાલીટીની, શાળાઓ, પહેલાં તો બ્લાઈન્ડ સ્કુલ જોઈએ, ત્યાં વીકએન્ડ સુધી રહેવા, ખાવા, સુવાની સગવડતા અપાય છે. સાથે શિક્ષણ પણ અપાય છે. કલીનલીનેસને પ્રથમ મહત્વ અપાય છે. તેમને પિરસાતા જમવાના વાસણો, ગલાસ, બધું જ એકદમ ચોખ્ખું અને ખુબ જ સુંદર રીતે એરેન્જ કરાય છે. બધા બાળકોને શિસ્ત સાથે જમવાનું પીરસાય છે. દશ, બાળકોની બેંચ પાસે એક ટીચર-આયા ઉભી રહે છે. 'કોશંબીર ખા', રોટલીના ટૂંકડા કરી આપે છે. જરુર લાગે એને એપ્રન પહેરાવે છે. દાળનો વાટકો વેરાયનહી એનું ધ્યાન રાખે છે. 'દાલ ખા', 'ભાજી ખા' પાણી પીવાના ગલાસ. તેને નજીક કરી આપે છે. આજ રીતે શિક્ષણનું પણ ધ્યાન આપી સ્વાવલંબી બનાવી એસ.એસ.સી સુધીનું શિક્ષણ અપાય

છે પછી કોલેજો જોઈન્ટ કરે યા, કામ કરે છે. આમ આ બ્લાઈન્ડ બાળકોને સેવા આપનાર, પેઈડ સર્વટ હોય છતાં જરા પણ ગુસ્સે થયા વિના અમી દૃષ્ટિથી જે રીતે સર્વિસ આપે છે આ સ્ટેપ પ્રભુજીની સન્મુખ લાવનારું છે. જેની દુનિયા સાવ જ અંધારી છે એ માટે પગાર લઈને પણ કામ કરનારની ભક્તિ તોલાય છે. આજ રીતે ઘરડાં ઘરમાં પણ જે રીતની સેવા અપાય છે અને એ પણ ઓછા ખરચાથી તે પણ ભક્તિના સ્ટેપ છે જેનું કોઈ જ નથી એવાનું ઘડપણ સંવારતી આ સંસ્થાને બીરદાવીએ. બ્લાઈન્ડ સ્કુલના બાળકોને વિના ફી થી જ સેવા અપાય છે. તમે મ્યુનિસીપાલીટીની સ્કુલોના વિદ્યાર્થીને વિના મુલ્યે ટયુશન આપો તો ?

'ગરીબ લુલા, આંધળાને, ગરીબ માને બાપ' બસ તો ભક્તિ સંવારવાના કઈ રસ્તાઓ છે. ફૂલની માળા કરે, કે માળા ફેરવે. એજ સેવા નથી થતી 'પ્રભુ મિલનકી યહી હૈ બેલા'.

સાંજ કે બાદ હોતા સવેરા'.

કોઈના જીવન પ્રકાશથી ભરીએ, એવા અંધ, પંગુ અનાથ અને ઘરડાંની ઉપાડી લઈએ સેવા. તમારી પાસે પૈસા છે, સમય છે. તો આ સેવા સાંચી સેવા. તન, મન, ધનથી કરો. ભુખ્યા જનોની ભૂખ અને તરસ્યાની પ્યાસ બુઝાય એ વિચારજો.

નેત્રદાન, સ્કીનનું દાન કરો એ મરણોત્તર સેવા પણ અપનાવજો. કરમાં કંકણ ક્યારે સુહાય જ્યારે કર બજાવે અંધજનો, પંગુઓ, અનાથ અને ઘરડાંની સેવાના તાલ... આ કામ પુર્ણ શ્રદ્ધા સાથે અને નિર્મળ મનથી થાય.. શ્રીનાથજી તમારી સન્મુખ હસતો દેખાશે.

## તોહર બાંસીયા બડી રી બડભાગી

શ્યામ તોહર બાંસીયા બડી રી બડભાગી
તોહર અધરો સે લીપટ રહી
મધુર મધુર બાજ રહી
સારા મધુબન ડોલાય રહી રી... શ્યામ
તોહર બાંસીયાકી તનક સુની
પેંજણીયા મોરી ખનક લગી
બિસરાઈ મોરી સુધના, મેં નાચ રહી
મેંના મેં રહી, ભાગી દોડ આઈ... શ્યામ
દોઉ કર જોરી કરું હું બિનતી
મોહે તોહર બાંસીયા બનાઈ લીઓરી
મીઠીયાં મીઠીયાં બાજન લગુરી
મધુરાં ગાને લગુરી, છેડ કો સુરકી સુરાવલી
બડભાગી તોહર બાંસીયા,
બડભાગી મેં બન જાઉંગી...શ્યામ
શ્યામ તોહર બાંસીયા બડી રી બડભાગી...

**– ઉષા એસ. ધારીયા**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની શ્રીજી મેડીકલેઈમ યોજના અંગેની માહિતી

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની મેડીકલેઈમ યોજના હેઠળ સંસ્થા દ્વારા મેડીકલેઈમ પ્રીમીયમમાં કુટુંબની વાર્ષિક આવકના ધોરણે રાહત આપવામાં આવશે.

**૧)** આ યોજનામાં ભાગ લેનાર કુટુંબના સભ્યદીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીનો મેડીકલેઈમ આવરી લેવામાં આવશે. આનાથી વધુ રકમનો મેડીકલેઈમ લેવો હોય તો પણ છૂટ છે. પરંતુ સંસ્થા વ્યક્તિ દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- અથવા ફેમીલીદીઠ, ૨,૦૦,૦૦૦/- ના મેડીકલેઈમ કવરેજ માટેના પ્રીમીયમમાં રાહત આપશે. જેની નોંધ લેવી.

**૨)** જે લોકોને આ યોજનામાં ભાગ લેવાની ઈચ્છા હોય તેમણે આ માટે સંસ્થાએ નિયુક્ત કરેલા વીમા એજન્ટ શ્રી ભરતભાઈ પરીખનો ફોન. ૨૮૭૦૩૧૪૨, મો. ૯૮૬૯૧૨૬૦૧૮ અથવા ચેતન દેસાઈ -૯૮૨૧૭૫૩૪૨૪ સંપર્ક સાધવો જે કુટુંબને તેમનો મેડીકલેઈમ રીન્યુઅલ કરાવવાનો બાકી હોય તો તેમણે શ્રી ભરતભાઈ પરીખ પાસેથી ફોર્મ લઈને પાછાં તેમને અથવા તો સંસ્થાની ઓફિસમાં પહોંચાડવાનાં રહેશે.

**૩)** આ યોજનામાં ભાગ લેનાર કુટુંબે સંસ્થાનું ફોર્મ તથા મેડીકલેઈમનું ફોર્મ ભરવાનું રહેશે.

**૪)** પ્રીમિયમની સંપૂર્ણ રકમ વીમા એજન્ટને આ યોજનામાં ભાગ લેનારે આપવાની રહેશે, ત્યાર બાદ આપની આવકના ધોરણે સંસ્થા દ્વારા રકમ પરત કરવામાં આવશે.

**૫)** આ યોજનામાં ભાગ લેનારને જો મેડીકલ ચેકઅપ જરૂરી હોય તો એ મેડીકલ ચેકઅપનો સંપૂર્ણ ખર્ચ વ્યક્તિએ પોતે આપવાનો રહેશે.

**૬)** જો આપ મેડીકલેઈમનું ફોર્મ ભરતી વખતે આપના જૂના રોગની વિગત છુપાવશો અને કલેઈમ કરતી વખતે આ કારણે જો મેડીકલેઈમ ન મળે તો એની જવાબદારી સંસ્થાની રહેશે નહિ.

**૭)** મેડિકલેઈમની વધુ વિગતો એજન્ટ પાસેથી મેળવી લેવા વિનંતી જેથી હોસ્પિટલાઈજેશન કરતી વખતે શું કરવું અને કયા બીલો, કયા પ્રીસ્ક્રીપશન આપવા વગેરે જાણકારી હોય તો કલેઈમ કરવામાં આપને સુવિધા રહેશે.

**૮)** જે સંસ્થામાંથી મેડીકલેઈમ યોજના માટે લાભ લેતા હોય તેમના માટે થોડા ફેરફાર નીચે મુજબ કરવામાં આવ્યા છે.

**(૧)** પોલીસી ભરાઈ ગયા પછી ૧ મહિનાની અંદર ફોર્મ તથા રસીદની ઝેરોક્ષ સંયોજક અથવા સંસ્થાની ઓફિસમાં મોકલવાની રહેશે. ત્યારબાદ આવનાર અરજીમાં (ફોર્મ/રસીદ) રાહત આપવામાં આવશે નહી તથા પોલીસીની ઝેરોક્ષ ૨ થી ૨૧/૨ મહિનાની અંદર મોકલી આપવાની રહેશે.

**(૨)** તમારી પોલીસી બીજા એજન્ટ પાસે હોય તો તેમને પણ ઉપર મુજબના સમય દરમ્યાનમાં જ મોકલી આપવાની રહેશે અને તેની જવાબદારી પોલીસી લેનારની જ રહેશે.

આ યોજનાનો મુળ હેતુ વધુ ને વધુ કુટુંબને મેડીકલેઈમ લેતા કરવાનો છે.

જે આપને આપના કુટુંબીજનો ઉપર આવતી શારિરીક આફતો સાથે આર્થિક બળ પુરુ પાડશે.

**મંત્રી ભાવેશ મોદી**

**સંયોજક : ભરત કાંતીલાલ પરીખ**

**ઘર નં. ૨૮૭૦૩૧૪૨ / મો. ૯૮૬૯૧૨૬૦૧૮**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત જનસાથી ટ્રોફી ક્રીકેટ સાલ ૨૦૧૧-૧૨

૧) **ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫-૯-૧૧ના રોજ રાખેલ છે.**
૨) તારીખ ૧૫-૯-૧૧ પછી કોઈપણ સંજોગોમાં ફોર્મ લેવામાં આવશે નહિ.
૩) ક્રીકેટના ફોર્મ નીચે જણાવેલ સ્થળેથી મળી રહેશે.
   I) બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસે રોજ સાંજે ૭ વાગ્યાથી ૮ વાગ્યા સુધી અને રવિવારે ૯.૩૦ વાગ્યાથી ૧૧ કલાકે સવારના રાખેલ છે.
   II) કીંજલ પરીખ (વીજય ટ્રેડીંગ કોરપોરેશન) ૧૫૧ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ અશોક હાઉસ મુંબઈ - ૪૦૦૦૦૩
   III) ચીરાગ પરીખ (ટ્રીસા એન એકસ) ૨૨ પીજારા લેન, અબ્દુલ રેહમાનની સામે, મું. ૪૦૦૦૦૩
૪) ભાગ લેનારની જન્મ તારીખ ૧.૧.૧૯૯૬ પહેલાની હોવી જરૂરી છે.
૫) આ ટુર્નામેન્ટમાં વહેલો તે પહેલો ધોરણે ફોર્મ લેવામા આવશે. ૬૮ ફોર્મ પછી કોઈના પણ ફોર્મ લેવામાં નહીં આવે.
૬) આ ટુર્નામેન્ટ માટે અમોએ ઉમેચના રૂપિયા ૭૫૦ રાખેલ છે જે ફોર્મ સાથે આપી દેવાના રહેશે. અને સેમી ફાઈનલ અને ફાઈનલના પૈસા જે ટીમ પહોંચશે તેને પ્લેયર દીઠ ૩૦૦ આપવાના રહેશે.
૭) દરેક મેચમાં પ્લેયરની જમવાની વ્યવસ્થા કરેલી છે.
૮) દરેક પ્લેયરે સવારનાં ૯.૩૦ વાગે ગ્રાઉન્ડ પર આવવાનું રહેશે. જો ૧૦.૧૫ વાગ્યા પછી આવશે તો તેને રમવા નહિં દેવામાં આવશે.
૯) દરેક પ્લેયર જો ચાલું મેચે બહાર જાય તો તેને કેપ્ટન અથવા ક્રીકેટ કમિટિની રજા લઈને જવા વિનંતી છે.
૧૦) દરેક પ્લેયરે મેચ વખતે સફેદ કપડામાં આવવાનું રહેશે. (ટીશર્ટ પેન્ટ, અને બુટ અને જો ત્રણ વસ્તુનો અમલ નહીં કરે તો તેને રમવા નહિ દેવાય. એમ્પાયર જે કંઈ પણ અંતિમ નિર્ણય લે એનો અમલ કરવો પડશે.
૧૧) દરેક મેચ ૪૦ ઓવરની રહેશે. જો બન્ને ટીમના રન સરખા રહેશે તો એવરેજ પર એનું પરિણામ નક્કી કરાશે અને વધુ એવરેજવાળી ટીમ વિજેતા જાહેર કરાશે.
૧૨) કોઈપણ એક બોલર મેચ વખતે (૯) ઓવર નાખી શકશે.
૧૩) દરેક પ્લેયરે ફોર્મ બરાબર ભરી, તેમાં મોબાઈલ નંબર, લખવો જરૂરી રહેશે. ઉપરાંત ઓફીસના નંબર અને સરનામું લખવું જરૂરી છે.
૧૪) જો કોઈપણ પ્લેયરને કંઈ તકલીફ થઈ હોય તો તે મેદાનની બહાર જવા માટે કેપ્ટન અથવા કોઈપણ કમિટિ મેમ્બરની રજા લઈને જવું જરૂરી છે અને તેને પાછું ૨ કલાકમાં આવવું પડશે. જો તે નહી આવે તો તેને આગળ મેચ રમવા નહિ મળે.
૧૫) બાલાસિનોર નવયુવક સંઘને કોઈપણ નિયમો બદલવાનો હક રહેશે એની કોઈપણ જાતની જાણકારી પ્લેયરોને નહિ આપવામાં આવે.
૧૬) જો કોઈપણ સંજોગોમાં રવિવાર ગ્રાઉન્ડની સુવિધા નહિ થાય તો ચાલું દિવસોમાં મેચ રાખવામાં આવશે, એની જાણકારી દરેક પ્લેયરને કરવામા આવશે.
૧૭) જે પણ પ્લેયરને જનસાથી ટુર્નામેન્ટ રમવી હોય તો તે ઉપર આપેલ જગ્યાએથી ફોર્મ લઈને ભરી શકે છે.
૧૮) બાલાસિનોર નવયુવક સંઘ અથવા ક્રીકેટ કમિટિની કોઈપણ જાતની, ફોર્મ ભરવા માટે જવાબદારી નથી.
૧૯) બાલાસિનોર નવયુવક સંઘના નિયમો અનુસાર ફોર્મ ભરવું જરૂરી છે.
૨૦) કોઈપણ વધુ વિગત માટે ચિરાગ પરીખનો સંપર્ક કરવો જેનો મોબાઈલ નંબર નીચે મુંજબ છે. ૯૮૨૧૫૭૪૮૫૬

**ક્રિકેટ કન્વીનર : ચિરાગ પરીખ – મંત્રી : ભાવેશ મોદી**

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની રજી બેઠક તા. ૨૦-૭-૨૦૧૧ના રોજ બુધવારના રોજ સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ(ઝાટ) સભાગ્રહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ, નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ૧લી મિટિંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામા આવ્યો હતો.

ખજાનચી શ્રી નીકેશ ગાંધી એ અંદાજીત આવક જાવક નો હીસાબ તથા વિવિધ પેટા સમિતિના અંદાજીત બજેટ રજુ કર્યા હતા.

ઉપ-પ્રમુખ શ્રી સોમિલ મોદી એ ચલો બાલાસિનોર પ્રવાસ માટે ટુકો અહેવાલ રજુ કર્યો હતો.

રસોત્સવના સંયોજક શ્રી હેમેન્દ્ર શાહ એ જણાવ્યુ હતુ કે આ વર્ષે રસોત્સવ ૬ ઠી નવેમ્બર ૨૦૧૧ના રોજ ભાઈદાસ હોલ ખાતે રખાશે.

ક્રિકેટ ના સંયોજક શ્રી ચિરાગ પરીખ, મેડીકલેમ યોજનાના સંયોજક શ્રી ભરત પરીખ, જનતા ફી સહાય યોજનાના સંયોજક શ્રી કિર્તિ કડકીઆ તથા આંતરીક રમત-ગમતના સંયોજક શ્રી અજીત મોદી એ એમનો અહેવાલ રજુ કર્યો હતો.

કુલ ૨ સભ્યોની લીવ અરજી તથા ૩૧ સભ્યોની આજીવન સભ્યોની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામા આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**

**સહમંત્રી - શ્રી જાસ્મીન બીપીન શેઠ.**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## ગીરીપૂજા 'કોકીલાબહેન પ્રવિણચંદ્ર પુમનચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)
## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતિની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો ભરી વાલીની સહી લઈ ઓફીસમાં તા. ૨૦-૯-૨૦૧૧ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરીઆતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશે તેવી આશા.

ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસ : ઓફીસ સમય દરમ્યાન સોમ થી શનિવાર (બુધવાર સીવાય) રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ તથા શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફીસ સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી,

**લી. મંત્રી ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા) – સંયોજક કિર્તિ હી. કડકીઆ (લટકારી)**

# વર્લ્ડ ઓફ ફલાવર

## આમંત્રણ

**તારીખ : ૧૩-૯-૨૦૧૧ થી ૧૯-૯-૨૦૧૧ (મંગળવાર થી સોમવાર)**

**સમય : સવારે ૧૧ થી સાંજે ૭ સુધી**

**સ્થળ : નહેરુ સેન્ટર, આર્ટ ગેલેરી, ડૉ. એનીબેસન્ટ રોડ, ગ્રાઉન્ડ ફ્લોર. વરલી.**

**ઉદઘાટન : મંગળવારે સવારે ૧૧.૦૦ કલાકે, પ્રખ્યાત સંગીતકાર આણંદજી શાહના હસ્તે કરવામાં આવશે.**

ફુલની સુંદરતા એટલે ઈશ્વરનો સાક્ષાત્કાર, એટલે જ ફુલ આપણને પ્રસન્ન કરી શકે છે, વિશ્વને સુંદરતાનું પ્રતિક બનાવતા ફુલો જ આપણને પ્રભુ સુધી, પ્રેમ, માનવતા સુધીને, વિશ્વપ્રેમ સુધી પહોંચાડી શકે છે.

દેશ વિદેશના પ્રવાસ કરીને બાલાસિનોર નિવાસી શ્રી કિશોરભાઈ ચિમનલાલ કડકીયાએ (નાસિકવાળા) ફુલોને કેમેરાની પ્રિન્ટમાં કેદ કર્યા છે, ને આપણા સુધી પહોંચાડયા છે.

આ ફુલોના પ્રદર્શનને (વર્લ્ડ ઓફ ફલાવર) ને માણવા, પ્રસન્નતાને પામવા આપણે બધાએ ૧૩મી સપ્ટેમ્બર થી ૧૯મી સપ્ટેમ્બર સુધીમાં પહોંચવાનું છે.

આ નમ્ર વિનંતી સાથે આપ સહુને આમંત્રણ છે.

**આપનો**
**કિશોર કડકીઆ**

**કિશોર કડકીઆ**
૧, અનામિકા, ૫ મો કાર્ટર રોડ, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૬
**ફોન : ૨૮૦૧૪૪૧૩ / ૯૮૭૦૦૨૦૦૫૦**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શ્રીમતી મીનાબહેન સુધીરભાઈ ધારીયા (રંગુનવાલા) પુરસ્કૃત

## ઉપનગર વિભાગ સહર્ષ યોજે છે

# 'દાંડિયા રાસ'

**તારીખ : ૧૬-૧૦-૨૦૧૧, રવિવાર સાંજના ૫.૩૦ વાગ્યાથી**

**મુખ્યમહેમાન : મોદી મંગળદાસ મુળજીભાઈ (શેહરાવાળા)**

**સ્થળ : આવતા અંક મા જાહેર કરવામાં આવશે.**

ઉપનગર વિભાગના પ્રથમ પોગ્રામ 'દાંડિયા રાસ' ઓક્ટોમ્બર માસની ૧૬ તારીખે રાખેલ છે સાથે શ્રીમતી મણીબહેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત શૈક્ષણિક પારિતોષિકનું વિતરણ કરવામાં આવશે. ઉપનગર ના ધોરણ ૧ થી ૯, વર્ષ ૨૦૧૦-૧૧ના ઈનામો આપવામાં આવશે. દરેક જણે એમના બાળકોની રીઝલ્ટની ઝેરોક્ષ કોપી ણોકલી આપવાવિનંતી છે. રિઝલ્ટની પાછળ પોતાનું નામ, સરનામું અને ટેલીફોન નંબર ખાસ લખવાના રહેશે.

તારીખ ૨૦-૦૯-૨૦૧૧ સુધીમાં આ કોપી નીચેના કોઈપણ સરનામે મોકલાવવી.

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** સંસ્થાની ઓફીસ

૨) **ગાંધી નિમિશ બાબુલાલ :** બી, ૩૧, રાજેશ બિલ્ડીંગ, ૩જે માળે કાંદિવલી (વેસ્ટ) મું. - ૬૭

૩) **દક્ષેશ સોમાલાલ પરીખ :** ૨૩/૨૪ સિદ્ધિ બિલ્ડીંગ, શક્તિનગર મલાડ (વેસ્ટ), મું. - ૬૪

૪) **હેમેન્દ્ર રમણલાલ શાહ :** સી-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ) મું. - ૯૨

**સંયોજક : નિમિશ ગાંધી - મંત્રી ભાવેશ મોદી**

---

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ - જાહેર આભાર**

શ્રીમતી સ્મૃતિબેન નિમિષભાઈ કડકિયા (મલમ) તેમની સુપુત્રી ચિ. અદિતિનાં લગ્ન પ્રસંગે જાહેર કર્યા મુજબ રૂા. ૧ લાખ (અંકે રૂપિયા એક લાખ) નું દાન આપવાનું વચન શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજને આપેલું છે.

સમાજ સ્મૃતિબેન તથા તેમનાં પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

**- પંકજ ધારીઆ (લાલલાં) - પ્રમુખ**

# બાલાસિનોર વૈષ્ણવ નગર

જ્યોતિપુંજ માધ્યમ દ્વારા બાલાસિનોર નગરનો પ્રસ્તાવ રજુ કર્યો હતો તેનો આપ સૌ તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે અને અમારો ઉત્સાહ વધારી પ્રોત્સાહિત કર્યા છે તે બદલ સહુ બાલાસિનોર વાસીઓનો અંતઃકરણપૂર્વક આભાર.

સહર્ષ જણાવવાનું કે પ્લોટ (જમીન) જોવાનું કામ ચાલુ છે અને યોગ્ય તથા ઘટીત જગ્યા મળશે આપ સૌને ફોન અથવા કાગળ મારફત જાણ કરવામાં આવશે.

ઉપરોક્ત યોજના માટે સ્વતંત્ર ટ્રસ્ટ બનાવવામા આવશે અને બાલાસિનોર વૈષ્ણવ નગરની જમીન પણ ટ્રસ્ટના નામે લેવામા આવશે. તમામ નાણાંકીય વ્યવહાર બાલાસિનોર વૈષ્ણવ નગર ટ્રસ્ટના નેજા હેઠળ થશે.

આ સાથે આજદીન સુધી ૫૩૦ ફોર્મસની અરજી વિવિધ જગ્યા માટેની બાલાસિનોર વૈષ્ણવ નગર માટે મળી છે. તો દરેકને નમ્ર વિનંતી સાથે જણાવવાનું કે આપે બુક કરાવેલા ફેલટ્સ, રો. હાઉસ, બંગલો, ભવિષ્યમાં ફક્ત બાલાસિનોર દશાનીમા વણિક ને જ વેંચી શકાશે. અથવા ભાડે આપી શકાશે. બહારની કોઈપણ જાત, કોમ કે વ્યક્તિને આપી નહી શકાય તે સમજીને આપ સહુ સમય આવે આગળ વધશો.

આ નગરની વસાહત ચોક્કસ આકાર લે તેવા નીષ્ઠાપુર્વકના પ્રયત્નો ચાલુ છે.

**બાલાસિનોર નગર યોજના સમિતિવતી – સુધીરભાઈ રગુનવાલા.**

# SHREE BALASINOR PRAGATI SAMAJ

**Program & Event Management** Committee is pleased to remind the community members to collect their Invitation Cards against payment of Rs. 150-00 per person from the following addresses **latest by August 22, 2011** for the Seminar which is going to be held on Sunday, August 28, 2011 at Senate Hall, Status Restaurant, Nariman Point, Mumbai. The Chief Guest and Hon. Speaker will be **Dr. Shishir Gandhi, M.D.** who will address on:

**"Prevention of Heart Disease at Early Stage"**

**1) Shree Balasinor Pragati Samaj.**
45/49 Babu Genu Road,Off Kalbadevi Road, Mumbai 400002.

**2) M/s. Kadakia Enterprise**
68/70 Nagdevi Street, 1st Floor, Mumbai 400003.

**3) Shree Balasinor Medical Cetnre**
Mehta House, 2nd Floor, Chowpaty, Opp. Bharti Vidya Bhavan,
Mumbai 400007.

**Pankaj Dharia**
President : **Shree Balasinor Pragati Samaj**
Convener : **Program & Event Management Committee**

પાનું-૧

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
# શ્રી બાલાસિનોર પ્રગતિ મંડળ

સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા, મ્યુઝીકલ પ્રોગ્રામ અને દાતાઓનાં સન્માન સમારંભની વિગતો નીચે મુજબ છે.

## તારીખ અને સ્થળ

તારીખ : રવિવાર, સપ્ટેમ્બર ૨૫, ૨૦૧૧
સ્થળ : રામા વાટુમલ ઓડીટોરિયમ, કે. સી. કોલેજ, ચર્ચગેટ, મુંબઇ - ૪૦૦ ૦૨૦.

## ૪૩મી વાર્ષિક સામાન્ય સભા સવારે ૮.૪૫ કલાકે

૧) વાર્ષિક સામાન્ય સભા તથા સ્વરૂચિ ભોજન (લંચ) બાબતની વિગતો શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજનાં સભ્યોને મોકલીઆપવામાં આવેલી છે.

૨) વાર્ષિક સામાન્ય સભા સભ્યો પૂરતી મર્યાદિત હોવાથી ફકત સમાજના સભ્યો જ ચર્ચામાં ભાગ લઇ શકશે.

૩) સભ્યોનું લીસ્ટ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફીસ : ૪૫/૪૭, બાબુ ગેનુ રોડ, ઓફ કાલબાદેવી રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૨ માં રાખવામાં આવેલું છે. જે સભ્યો ઇચ્છે તેઓ સવારે ૧૧.૩૦ થી સાંજે ૫.૩૦ સુધીમાં પોતે સભ્ય છે કે નહી તેની ચકાસણી કરી શકશે.

## સન્માન સમારંભનાં કાર્યક્રમની રૂપરેખા

**મુખ્ય મહેમાન : શ્રી રસીકલાલ સાકરલાલ મોદી (દેવ)**

મ્યુઝીકલ પ્રોગ્રામ : સવારે ૧૦.૩૦ થી ૧૧.૪૫
સન્માન સમારંભ : ૧૧.૪૫ થી બપોરે ૧૨.૪૫
સ્વરૂચિ ભોજન : બપોરે ૧ વાગ્યેથી

## દાતાઓના નામ

૧) શ્રી પ્રમોદભાઇ મુળજીભાઇ ધારીઆ (લાલખાં)
૨) શ્રીમતી શાંતાબેન હીરાલાલ શાહ (ધીવાળા)
   હ. શ્રી નીતીનભાઇ નટવરલાલ દેસાઇ (નાગર)
૩) શ્રી કીરીટભાઇ મોહનલાલ મોદી (દેવ)
૪) શ્રી મુળજીભાઇ ચંદુલાલ ધારીઆ (લાલખાં)
૫) શ્રી હેતનભાઇ પ્રવિણચંદ્ર કડકીઆ
૬) શ્રીમતી લીલાબેન બાબુલાલ કડકીઆ (લટકારી)
   હ. રીટાબેન મિનીષભાઇ કડકીઆ (લટકારી)

પાનું-૨

૭) શ્રી નીશિથભાઇ રસીકલાલ ધારીઆ (દલાલ)
૮) શ્રીમતી કલાવતીબેન રમણલાલ ધારીઆ (શહેરાવાળા)
હ. શ્રીમતી નીતાબેન પ્રકાશભાઇ ધારીઆ (શહેરાવાળા)
૯) શ્રી ભરતભાઇ નવનીતલાલ ધારીઆ
૧૦) શ્રી દિનેશભાઇ ચીમનલાલ પરીખ (રાઠોડિયા)
૧૧) શ્રીમતી મમતાબેન પ્રકાશભાઇ ધારીઆ (માટલી)
૧૨) શ્રી રશ્મિકાંત કાન્તીલાલ ધારીઆ (લાલખાં)
૧૩) શ્રીમતી સાવિત્રીબેન જયંતિલાલ કડકીઆ (મરઘા)
હ. શ્રી જયંતિલાલ ચંદુલાલ કડકીઆ (મરઘા)
૧૪) શ્રીમતી સ્મૃતિબેન નિમિષભાઇ કડકીઆ (મલમ)

- **સન્માન સમારંભ વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિજનો અને આમંત્રિત મહેમાનો માટે યોજેલો છે.**
- **સન્માન સમારંભમાં રીઝર્વ રાખેલી સીટો ફક્ત આમંત્રિતો માટે છે જેની નોંધ લેશો.**

## સ્વરૂચિ ભોજનનાં પાસ મેળવવા બાબત

૧) સ્વરૂચિ ભોજનનાં પાસો નીચેના સ્થળેથી તા. ૧-૯-૨૦૧૧ થી તા. ૨૦-૯-૨૦૧૧ સુધીમાં સવારે ૧૧.૩૦થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં મેળવી શકાશે.

| | | |
|---|---|---|
| **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** | **મે. કડકીઆ એન્ટરપ્રાઇઝ** | **શ્રી બાલાસિનોર મેડીકલ સેન્ટર** |
| ૪૫/૪૭, બાબુ ગેનુ રોડ, | ૬૮/૭૦, નાગદેવી સ્ટ્રીટ, | મેહતા હાઉસ, ૨જે માળે, |
| કાલબાદેવી, મુંબઇ-૪૦૦ ૦૦૨. | મુંબઇ - ૪૦૦ ૦૦૩. | ચોપાટી, મુંબઇ - ૪૦૦ ૦૦૭. |

૨) શ્રી બાલસિનોર પ્રગતિ સમાજના સભ્યોએ રૂા. ૧૦૦/- અને તે સિવાયના સભ્યોએ રૂા. ૧૫૦/- આપવાના રહેશે.

**સન્માન સમારંભમાં સમયસર હાજર રહી પ્રસંગને સફળ બનાવવા દરેક સભ્ય તથા પ્રત્યેક બાલાસિનોરવાસી અને દાતાઓનાં સગા સંબંધીઓને વિનંતી.**

**શ્રી પંકજ ધારીઆ (લાલખાં)**
પ્રમુખ
**૯૮૨૧૦૨૮૭૬૨**

**શ્રી નિમિષ કડકીઆ / શ્રી દક્ષેશ કડકીઆ**
માનદ્ મંત્રીઓ

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# Indoor-Games Year 2011-2012

**Sponsered by : Shri Surendrabhai Ratilal Parikh(Surendra Eng. Corp.)**
**Shri Daxeshbhai & Shri Minishbhai Babulal Kadakia (Kadakia Enterprise)**

**Name of Games :**

(A) Carrom Single & Double (B) Carrom Singles(Ladies) & Mix Doubles (C) Carrom Superhit Muckabla (D) Chess (E) Badminton (F) Table-Tennis (G) Swimming (H) Billiards

1) In Carrom Superhit Mukabala, Male / Female can choose their mother or Father as their Partner
2) In Carrom Mix Double Male / Female can choose Ladies & gents as Partner.
   1)Forms will be accepted at (1) B.N.S. Office, (2) Pragati Samaj Office, Kalbadevi (3) Saumil Modi Shailesl Tools & H/W Mart at 16, Narayan Dhru Street. 2nd Floor, Mumbai - 400003
2) The Converner will have right to change the rules or to cancle the games.
3) Games will commence on 4th sep. 2011 Sunday at 10.00 hrs. at B.N.S. office.

Those who are interested in taking parts in the above games can also inform to Ajit Modi on Tele : 9869029486 / 28691185

**Schedule at Games :-**

1) Carrom Single & Double Jr. & Sr. Sunday 10.00 a.m on 4-9-11
